# ઇસ્લામને સાચો દીન બનાવનાર વસ્તુ કઈ છે?

ઇસ્લામ ધર્મ, તેના ઉપદેશો જીવનની દરેક બાબતોમાં લવચીક અને વ્યાપક છે, કારણ કે તે માનવ ફિતરત (વૃત્તિ) સાથે સંબંધિત છે, જેના આધારે પાલનહારે માણસને બનાવ્યો છે, અને આ ધર્મ આ વૃત્તિના નિયમો અનુસાર આવ્યો છે. જેવુ કે:

એક જ ઇલાહ પર ઈમાન, અને તે સાચો સર્જક જેનો કોઈ ભાગીદાર નથી, તેને કોઈ સંતાન નથી, અને તેની કોઈ વ્યક્તિના મૂખ અથવા જાનવર અથવા કોઈ પથ્થર અથવા મૂર્તિમાં પ્રતિમા નથી, અને તે ત્રણ માંથી એક કે ત્રીજો નથી. અને કોઈ વસિલા વગર ફક્ત આ જ સર્જકની ઈબાદત કરો. તે સૃષ્ટિનો નિર્માતા છે અને જે કંઈ તેમાં છે તેનો પણ, અને તેના જેવું કોઈ નથી. મનુષ્યોએ એકલા નિર્માતાની ઈબાદત કરવી જોઈએ, ગુનાહથી પસ્તાવો કરતી વખતે અથવા મદદ માટે તેની તરફ જ ફરવું જોઈએ, અને કોઈ પાદરી, સંત અથવા કોઈપણ મધ્યસ્થી વ્યક્તિને વચ્ચે ન લાવવી જોઈએ. અને સૃષ્ટિનો પાલનહાર પોતાના સર્જનીઓ માટે માતા કરતાં પણ વધુ દયાળુ છે, કારણ કે જયારે પણ તેઓ તેની પાસે તૌબા કરે છે અને તેની તરફ પાછા ફરે છે ત્યારે તે તેમને માફ કરી દે છે. અને એ કે સર્જકનો હક એ કે ફક્ત તેની જ ઈબાદત કરવામાં આવે અને પોતાના પાલનહાર પાસે સીધો સંબંધ બાંધવો તે માનવીનો હક છે.

ઇસ્લામ દીન એક સાબિત, સ્પષ્ટ અને સરળ દીન છે, જે અંધ માન્યતાઓથી દૂર છે. ઇસ્લામ હૃદય અને અંતરાત્માને સંબોધવા અને માન્યતાના આધાર તરીકે તેમના પર આધાર રાખવાથી સંતુષ્ટ નથી, તેના બદલે, તે તેના સિદ્ધાંતોને ખાતરીપૂર્વક અને અકાટ્ય (મજબૂત) દલીલ, સ્પષ્ટ પુરાવા અને સાચા તર્ક સાથે અનુસરે છે, જે મનને નિયંત્રિત કરે છે અને દિલ તરફ દોરી જાય છે. અને એટલા માટે:

અસ્તિત્વના ઉદ્દેશ્ય, અસ્તિત્વના સ્ત્રોત અને મૃત્યુ પછીના ભાગ્ય વિશે માનવીના મનમાં ઘૂમતા જન્મજાત પ્રશ્નેના જવાબ આપવા માટે રસૂલોને મોકલવામાં આવ્યા. અને તે સૃષ્ટિ માંથી, આત્મામાંથી, અને પાલનહારના અસ્તિત્વ, એકતા અને સંપૂર્ણતા માટેના ઈતિહાસમાંથી પાલનહારની બાબતમાં પુરાવાનું મૂલ્યાંકન કરે છે, અને મૃત્યુ પછી જીવિત થવાના મુદ્દામાં, તે માણસની રચના, જન્નતનું સર્જન કરવાની સંભાવના દર્શાવે છે. અને પૃથ્વી અને તેના મૃત્યુ પછી પૃથ્વીને પુનર્જીવિત કરે છે, અને સારાને ઇનામ આપવામાં અને ખોટાને સજા કરવામાં ન્યાય સાથે તેની હિકમત દર્શાવે છે.

ઇસ્લામનું નામ, સૃષ્ટિના પાલનહાર સાથેના સંબંધને પ્રતિબિંબિત કરે છે, અને અન્ય ધર્મોથી વિપરીત, વ્યક્તિના નામ અથવા સ્થાનનું પ્રતિનિધિત્વ કરતું નથી. ઉદાહરણ તરીકે, પરંતુ આના સુધી મર્યાદિત નથી: યહુદી ધર્મએ તેનું નામ યહૂઝા બિન યઅકુબ પરથી લીધું છે, તેના પર

સલામતી થાય, ખ્રિસ્તી ધર્મએ તેનું નામ મસીહ પરથી લીધું છે, હિંદુ ધર્મે તેનું નામ તે પ્રદેશના નામ પરથી લીધું છે જ્યાં તે ઉદ્ભવ્યું છે, વગેરે...

ઇસ્લામ વિશે સવાલ અને જવાબ

Source: https://com2030.com/qa/gu/show/22/

Arabic Source: https://com2030.com/qa/ar/show/22/

Friday 4th of September 2026 10:14:11 PM